# 13. શરૂઆત કરીએ




**હર્ષ બ્રહ્મભટ્ટ**

**જન્મ : 31-7-1954**

કવિ હર્ષ વાડીલાલ બ્રહ્મભટ્ટ મહેસાણાના વતની છે. હાલ ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગમાં અધિક સચિવ તરીકે સચિવાલય ગાંધીનગરમાં સેવા આપી રહ્યા છે. તેઓ ગુજરાતી સાહિત્યના આધુનિક કવિ અને ગઝલકાર છે. તેઓ ઉર્દૂ ભાષામાં પણ સર્જન કરે છે. ઉર્દૂ ગઝલક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન માટે વર્ષ 2010 માટેનો ગુજરાત ઉર્દૂ સાહિત્ય અકાદમીનો ગૌરવ પુરસ્કાર એમને એનાયત થયો છે.

વર્ષ 2009ના શ્રેષ્ઠ કાવ્યસંગ્રહ 'મૌનની મહેફિલ' માટે ગુજરાતી સાહિત્ય પરિષદના 'દિલીપ મહેતા' પારિતોષિક, વર્ષ 2010ના શ્રેષ્ઠ ગઝલસંગ્રહ 'જીવવાનો રિયાઝ' માટે ગઝલસભા વડોદરાનું પારિતોષિક તેમજ ગુજરાતી ગઝલમાં વિશિષ્ટ પ્રદાન માટે આઈ.એન.ટી. મુંબઈ દ્વારા વર્ષ 2010 માટેના 'શયદા' ઍવૉર્ડથી સન્માનિત થયા છે. તેમણે સંપાદન ક્ષેત્રે પણ યશસ્વી પ્રદાન કરેલ છે.

પ્રસ્તુત ગઝલ કવિના ગઝલસંગ્રહ 'જીવવાનો રિયાઝ'માંથી લેવામાં આવી છે, જેમાં દુઃખોથી હારવાને બદલે દુઃખનો સામનો કરવાની વાત કરી છે. બહારની સુંદરતાની સાથે આંતરિક સૌંદર્ય પણ ખીલવવું એટલું જ જરૂરી છે. આપણે જે મળ્યું છે તેને અનુકૂળ થઈ ઘર, નગર અને જગતને મહેકતું કરવાનું છે તેમજ આવતીકાલને ઉજ્જવળ બનાવવાની શરૂઆત કરવાનું કવિ કહે છે.



આવનારી સૌ ખુશીની વાત કરીએ,
એક નવી શરૂઆતની શરૂઆત કરીએ.

હર વખત શું માત થઈ જાવું દુઃખોથી ?
ચાલ આ વખતે દુઃખોને માત કરીએ.

બ્હારથી દેખાય જેવી સ્વચ્છ-સુંદર,
દોસ્ત, અંદરથીય એવી જાત કરીએ.

હોઈએ ત્યાં મ્હેકતું કરીએ બધુંયે,
ઘર, નગર, આખ્ખું જગત રળિયાત કરીએ.

જે મળ્યું એને કરી સૌથી સવાયું,
આવનારી કાલને સોગાત કરીએ.

## ● ટિપ્પણ

**વખત** કાળ, સમય
**જાત** પંડ, પોતે
**રળિયાત** ખુશી, પ્રસન્ન
**સોગાત** નજરાણાની ચીજ

## ● રૂઢિપ્રયોગ

**માત કરવું** હરાવવું

## ● ભાષાસજ્જતા

ગઝલ વાસ્તવમાં તો એક ફારસી કાવ્યપ્રકાર છે. એનો અર્થ 'પ્રિયતમા સાથેની ગુફ્તેગુ' એવો થાય છે. 'ગઝલ' અરબી - ઉર્દૂ જેમ આપણી માતૃભાષા ગુજરાતીમાં પણ લખાય છે. ગઝલમાં બે પંક્તિઓનો એક શેર બને છે. એવા કેટલાક શેર મળીને આખી કૃતિ રચાય છે. સાથે - સાથે ગઝલનો દરેક શેર એક સ્વતંત્ર કાવ્યપંક્તિ છે. ગઝલની વિશેષતા એના રદીફ અને કાફિયા છે. રદીફ અને કાફિયા યાને અનુપ્રાસ. ગઝલ માત્રામેળ છંદમાં લખાય છે.

## ● અભ્યાસ

### 1. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :

1. કવિ કઈ - કઈ વાતની શરૂઆત કરવાનું કહે છે ?
2. કવિ પોતાની જાતને કેવી કરવાનું કહે છે ?
3. કવિ શેને-શેને રળિયાત કરવાનું કહે છે ?

## ● સ્વાધ્યાય

### 1. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :

1. કવિ આ કાવ્યમાં શું - શું કરવાનું કહે છે ?
2. કવિ શું મહેંકતું કરવાનું કહે છે ?
3. દુઃખો વિશે કવિ શું કહે છે ?
4. કવિ આવનારી કાલને શું આપવા માગે છે ?

### 2. નીચેની પંક્તિઓ સમજાવો :

1. હર વખત શું ................................ દુઃખોને માત કરીએ.
2. બ્હારથી દેખાય ................................ એવી જાત કરીએ.

**3. નીચેની કાવ્યપંક્તિ પૂર્ણ કરો :**

1. આવનારી સૌ ................................ દુઃખોને માત કરીએ.

**4. નીચેના શબ્દોના અર્થ લખો :**

1. રળિયાત 2. સોગાત 3. માત

**5. નીચેના શબ્દોને શબ્દકોશના ક્રમ મુજબ ગોઠવો :**

સુંદર, સૌથી, સવાયું, સોગાત, શરૂઆત, સ્વચ્છ

**6. કાવ્યમાં આવતા વાત-શરૂઆત જેવા પ્રાસવાળા શબ્દોની યાદી બનાવો.**

**7. નીચે એક પંક્તિ આપી છે. તેના આધારે બીજી નવી પંક્તિની રચના કરો.**

- રોજ સવારે ફરવા જઈએ,

  ..........................................,

  ..........................................,

  .......................................... .

**● પ્રવૃત્તિ**

- માતા-પિતા કે વડીલોએ સોંપેલું કામ તમે કેવા ભાવથી કરો છો ? વિચારો.
- ગુજરાતી ગઝલકારોના નામની યાદી બનાવો.
- ગઝલનો મુખપાઠ કરો.